જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૬/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## રશિયન મહિલાની મદદ કરતી ચાંદખેડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઈન ટીમ

રશિયાની ૩૨ વર્ષની મહિલાનો ૧૮૧ અભયમ હેલ્પલાઇન ટીમ પર ફોન આવેલ અને જણાવેલ કે તેનો પતિ ભારતીય છે અને તેની સાથે ઝગડો તકરાર થતા તેનો પતિ તેણીનો પાસપોર્ટ લઈ જતો રહેલ હોય તેને મદદની જરૂર છે. જેથી ચાંદખેડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ તુરંત રશિયન મહિલાની મદદ માટે પહોચી જાય છે. જયાં મહિલાની પુછપરછ કરતા જાણવા મળે છે કે પોતે ગોવા ફરવા માટે આવેલ હતી જયાં એક રાજકોટના વેપારી સાથે મુલાકાત થાય છે અને પ્રેમ સબંધ બંધાય છે. જેથી બન્નેએ કોર્ટમાં લગ્ન કરે છે. રશિયન મહીલાને તેના બે બાળકો રશિયા ખાતે હોય તેમજ રાજકોટના વેપારીને તેના બે બાળકો રાજકોટ ખાતે હોય બન્નેએ આપસી સહમતી સાથે છોકરાઓને સાથે રાખવા હોય સાબરમતી વિસ્તારમાં આવીને રહેવા લાગે છે. તેના પતિ અને રશિયન મહિલા વચ્ચે ઝગડો થતા મહિલા તેના બાળકોને લઈને બહાર ફરવા જતી રહે છે. જયારે મહિલા ઘરે આવે છે તો તેને જાણ થાય છે કે તેનો પતિ રાજકોટ જતો રહેલ છે અને તેના તથા તેના બાળકોના વિઝા તથા પાસપોર્ટ પણ સાથે લઈને ગયેલ છે. મહિલાને રશિયા પરત જવુ હોય અને પાસપોર્ટ રીન્યુ કરવાનો હોય તેણીએ તેના પતિને ફોન પર પાસપોર્ટની માંગણી કરતા પતિ પાસપોર્ટ તથા વિઝા આપવાની ના પાડેલ. પોતે અંગ્રેજી સિવાય હિન્દી કે ગુજરાતી ભાષા જાણતી ના હોય જેથી અન્ય કોઈ સ્થાનીક મદદ માટે આવેલ નહી. જેથી ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમનો પોતે સંપર્ક કરે છે. આમ ચાંદખેડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમે રશિયન મહિલાના સાસુ સસરાનો ફોન ઉપર સંપર્ક કરતા ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરતા મહિલા અને તેના બાળકો હોટલમાં રોકાય છે અને મહિલાના પતિને રાજકોટ થી અમદાવાદ બોલાવવામાં આવે છે અને કાઉન્સેલીંગ કરી કાયદાકીય રીતે પણ સમજાવતા તેના પતિને તેની ભુલ સમજાતા પાસપોર્ટ પરત આપવાનુ કહી માફી માંગે છે. આમ ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમે એક વિદેશી મહિલાની મદદ કરી ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯૮ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૩ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપિંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૩**

**વટવાઃ** સમસુદ્દીન એહસાનઅલી અંસારી (ઉ.વ.૩૫) (રહે. લેકવ્યુ રેસીડન્સી કેનાલ રોડ વટવા) એ તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સમસુદ્દીન અંસારીને આઈસર ટ્રક લેવાની હોઈ વૈષ્ણવ ઈન્ફ્રાટેકના માલીક ચંદ્રમોહન વૈષ્ણવ (રહે.બારણ રાજસ્થાન) એ સમસુદ્દીન અંસારીને વિશ્વાસમાં લઈ આઈસર ટ્રક કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/-માં આપવાનુ નક્કી કરી તા.૦૩/૧૨/૨૦૨૨ થી તા.૧૧/૦૬/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન સમસુદ્દીન અંસારી પાસેથી રોકડ રૂપિયા ૨,૯૧,૦૦૦/- મેળવી લઈ લઈ આઈસર ટ્રક નહી આપી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. સી.એચ.રબારી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૩**

**રામોલઃ** સિરીનબાનુ તે હમીદખાન અબ્દુલ્લાખાન પઠાણના વિધવા પત્ની (ઉ.વ.૫૪) (રહે. સુરતી સોસાયટી રામોલ રોડ રામોલ) એ તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૬/૨૦૨૩ કલાક ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૦૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. એચ.એ.રાયજાદા ચલાવે છે.

**સરદારનગરઃ** ચન્દ્રલાલ નારાયણદાસ ગેહાણી (રહે. “એ” વોર્ડ સરકારી દવાખાના પાછળ કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૧/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કુબેરનગર સરકારી દવાખાના પાસે “મયુર કુલર” નામની દુકાનના ઉપરના પહેલા માળનું પતરૂં ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરનુ લોક તોડી રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એચ.બી.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૩**

**"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નીતાઇભાઇ રામક્રિષ્ણ માકુર (ઉ.વ.30)(રહે.ભુદરપુરા આવાસ યોજના, રાજા રમણની ચાલી, ભુદરપુરા આંબાવાડી) તા.0૪/0૬/૨૦૨૩ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે માણેકબાગ બસ સ્ટેન્ડ નજીક ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૦૧.વિક્યુ.૮૮૭૨ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી નીતાઇભાઇ માકુરને ટક્કર મારતા, ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/0૬/૨૦૨૩ કલાક 00/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નીતાઇભાઈ માકુરના ભાઇ ગૌરીહરી માકુર એ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

**પાંચમાં માળથી પડી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૫૩/૨૦૨૩**

**વટવાઃ** વટવા બચુભાઇનો કુવો ગાયત્રીનગર ખાતે રહેતા બ્યાસસિંહ રામમિક્ષત્ર સીંગ (ઉ.વ.૩૫) (મૂળ વતન. ગામ-ફરછુઈ બિસનપુરા જી-શિવાન બિહાર) તા.૧૧/0૬/૨૦૨૩ સાંજના ૬/00 વાગ્યાના સુમારે વટવા રીંગ રોડ આશિર્વાદ ઉત્સવ ખાતે નવી બનતી સાઇટના પાંચમા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે પાંચમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૫૪/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** સાદીકશા સ/ઓ અમીરશા દીવાન (ઉ.વ.૧૮) (રહે. અલસીદીકનગર કાજી મસ્જીદ ફતેવાડી વેજલપુર) તા.૧૧/0૬/૨૦૨૩ સાંજના ૪/00 વાગ્યાના સુમારે સોલા હાઇકોર્ટ પાછળ જ્યુડીશીયલ એકેડેમીની અંદર અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીની સાફ-સફાઇ કરવા ગયા હતા ત્યારે પાણીના પમ્પને અડીને રહેલ લોખંડની સીડીને અડતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કીરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૩**

**શાહીબાગઃ** સંગીતાબહેન સંજયકુમાર મહેતા (ઉ.વ.૫૦) (રહે. સુઝાતા ફ્લેટ કેમ્પ રોડ શાહીબાગ) તા.0૬/0૪/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે ગિરધરનગર ઉપાક્ષય મંદિર ખાતે સળગતા દિવાની ઝાળ પહેરેલ કપડાને અડી જતા આગ લાગતા દાઝી ગયા હતા. જતા સારવાર માટે તેમને નવરંગપુરા નિધિ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન તા.૧૧/0૬/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગે મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જે.જીતીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** ધર્મેશ રાજેશભાઈ વ્યાસ (ઉ.વ.૪૦) (રહે. પ્રહ્લાદ રેસીડેન્સી સેન્ટ મેરી સ્કુલ પાસે આદિશ્વરનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૬/૨૦૨૩ કલાક ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**ખોખરાઃ** રજનીબહેન વા/ઓ અતુલભાઇ મહેતા (ઉ.વ.૪૮) (રહે. મયુર મંગલમ એપાર્ટમેન્ટ બેંક ઓફ બરોડાની બાજુમાં મણીનગર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૩ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.નાણાવટી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી